**IN THE 30th ADDI. CHIEF JUDICIAL MAGISTRATE'S COURT**

**AHMEDABAD CITY**

**CRIMINAL CASE NO.39498/2025**

**order below Exh.1**

(૧) પોલીસ દ્વારા દાખલ ચાર્જશીટ અને કેસપેપર્સ વંચાણે લીધા. સદરહુ કેસમાં ત.ક.અધિ.શ્રીએ તપાસના અંતે આરોપી સામે ગુજરાત પોલીસ એકટની કલમ-૧૪૨ મુજબનું ચાર્જશીટ કરેલ છે

(૨) આ કામે ગુજરાત પોલીસ એકટ અસ્તિત્વમાં આવેલ તે પહેલા બોમ્બે પોલિસ એકટ અમલામાં હતો હવે આ કામે ગુજરાત પોલિસ એકટની કલમ-૬૨ વંચાણે લેતા કોઇ વ્યકિત તે વિસ્તાર છોડી જાય નહી અથવા તેને હાંકી મુકયા પછી પ્રવેશ કરે તે પ્રસંગે કામ કરવાની જોગવાઇ વંચાણે લેતાં પોલિસ વગર વોરંટે તે વ્યકિતની ધરપકડ કરી શકે તે જરીતે કલમ-૭૨ મુજબ પોલીસને તેમાં જણાવેલ પ્રસંગે વગર વોરંટે ધરપકડ કરવાની સત્તા રહેલ છે અને કલમ-૭૯ મુજબ તેમની હાજરીમાં કલમ-૩૯ કે ૪૦ કે ૧૧૭ કે ૧૩૧ ના પેટે ખંડ(૧)(૪) કે ૧૩૫ ના ખંડ(૧) મુજબનો ગુનો બનતો હોય ત્યારે તે અટકાવવાના ભાગરૂપે ધકપકડ કરી શકે. હવે ગુજરાત પોલિસ એકટની જોગવાઇઓ ધ્યાને લેતાં ઉપરોકત ગુનાઓ કોગ્નીઝેબલ છે કે નોનબેઇલલ છે તે મતલબની ઉપરોકત કિસ્સાઓમાં ધરપકડ કરાવેલ વ્યકિત અંગેના ટ્રાયલ અંગે કોઇ જોગવાઇ ગુજરાત પોલિસ એકટમાં કરેલ નથી. આમ ઉપરોકત ત્રણ ગુનાઓ કોગ્નીઝેબલ એટલે કે પોલિસ અધિકારના છે જયારે બાકીના ગુનાઓ અંગે કોઇ સ્પષ્ટતા નથી.

(૩) આમ જયારે હવે ગુજરાત પોલિસ એકટમાં હવે કોઇ જોગવાઇ ન હોય ત્યારે ક્રિ.પો.કોડની કલમ-૪ માં જણાવ્યા પ્રમાણેની જોગવાઇઓ લાગુ પડે. હવે જયારે ક્રિ.પો.કોડની જોગવાઇ લાગુ પડે હવે જયારે ક્રિ.પો.કોડની જોગવાઇઓ લાગુ પડતી હોય ત્યારે આ ગુનો બેલલેબલ છે કે નોન બેઇલેબલ છે? અગર તો કોગ્નીઝેબલ છે કે નોન કોગ્નીઝેબલ છે તે અંગે બે પરિશિષ્ઠ આપેલ છે જેમાં પ્રથમ પરિશિષ્ઠ તે આઇપીસીના લગતા ગુનાઓ અંગે છે જયારે પરિશિષ્ઠ બે (૨) તે અન્ય કાયદાઓને લગતી કોઇ સ્પેશીફીક જોગવાઇ ન હોય ત્યારે તે લાગુ પડે. હવે આ કામે પુનરાવર્તનના દોષ સાથે જણાવવાનુ કે ઉપરોકત ગુના અંગે કોઇ ગુજરાત પોલિસ એકટમાં જોગવાઇ નથી ત્યારે ક્રિ.પો.કોડની જોગવાઇઓ લાગુ પડે ત્યારે પરિશિષ્ઠ -૨ હાલના કેસમાં લાગુ પડે ત્યારે પરિશિષ્ઠ -૨ ની આઇટમનં. ૩ વંચાણે લેતાં તે નીચે મુજબ છે.

| ગુનો | પોલિસ અધિકારનો કે પોલિસઅધિકાર બહારનો | જામીની કે બિન જામીની | **કઇ કોર્ટથી ઇન્સાફી કાર્યવાહી કરી શકાય.** |
|---|---|---|---|
| ૩ વર્ષથી મુદ્ધતની કેદની, અથવા માત્ર | પોલિસ અધિકાર બહારનો | જામીની | કોઇપણ મેજિસ્ટ્રેટ |

| | | | |
|---|---|---|---|
| દંડની શિક્ષાને પાત્ર ગુનો હોયતો | | | |

(૪) આમ હવે, ઉપરોકત ગુનો છે તે ગુજરાત પોલિસ એકટની કલમ-૧૪૨ નો છે જે ગુનાની સજાની જોગવાઇ ૨ વર્ષ સુધીની રહેલ છે જેમાં કારણોની નોંધ કર્યા સિવાય છ માસથી ઓછી સજા થઇ શકે નહી તે બરાબર છે. પરંતુ ઉપરોકત ગુનો હવે શીડયુલ ૨ વંચાણે લેતાં, જામીન છે તેમજ પોલિસ અધિકાર બહારનો(નોન કોગ્નીઝેબલ) છે હવે આ કામે પોલિસને સંજોગ મુજબ અટક કરવાની સત્તા હોઇ તેથી કરીને તે ગુનો કોગ્નીઝેબલ બની જાય નહી તેમ હું માનુ છું.ત્યારે હવે ફરીવાર ક્રિ.પો.કોડની કલમ-૧૫૫(૨) આ કેસમાં લાગુ પડે. હવે ક્રિ.પો.કોડની કલમ-૧૫૫(૨) મુજબ નોન કોગ્નીઝેબલ ગુનાઓમાં પોલિસ અદાલતની પુર્વ પરવાનગી વગર તપાસ કરી શકે નહી. હવે મારી સમક્ષના હાથપરના કેસમાં આ કામે પોલિસે તપાસ કરવા માટે પરવાનગી માંગેલ હોય અને તે પરવાનગી મળ્યા બાદ તપાસ કરીને ત્યારબાદ ચાર્જશીટ કરેલાનું રેકર્ડ પર નથી ત્યારે પોલિસ દ્વારા કરવામાં આવેલ સમગ્ર કાર્યવાહી મુળથી જ વ્યર્થ ગણાય એટલે કે ab intio void ગણાય. વધુમાં ૧૯૯૯ સીઆરએલજે પેજન.૧૨૪૪ (નામ.ગુજરાત હાઇકોર્ટ) રામજી ભીખા કોળી વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે લેખિત ફરિયાદ હોવી જોઇએ જો ન હોયતો ક્રિ.પો.કોડની કલમ-૧૯૫ નો બાધ્ નડે જે કેસમાં ફરિયાદપક્ષને નવી રીતે કાર્યવાહી કરી શકશે તેવુ ઠરાવેલ

આમ હવે, સદર કેસમાં પોલિસે જે અદાલતની પરવાનગી મેળવ્યા સિવાય નોન કોગ્નીઝેબલ ગુનામાં ચાર્જશીટ કરેલ છે તે ગુનામાં આ અદાલત કોગ્નીઝન્સ લઇ તે આધારે આરોપી સામે તે ચાર્જશીટ આધારે આરોપી સામે કાર્યવાહી કરી શકાય નહી. જેથી ચાર્જશીટને દફતરે કરવાનો હુકમ કરવામા આવે છે.પરંતુ કાયદા મુજબ પોલિસ અલગથી કાર્યવાહી થવા પાત્ર હોય તો તે કરી શકશે તેવી આ તબક્કે સ્પષ્ટતા કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૮ મી માહે માર્ચ સને ૨૦૨૫ ના રોજ રાષ્ટ્રીય લોકઅદાલત ના સ્પેશીયલ સીટીગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૮/૦૩/૨૦૨૫**
**સ્પે.સીટીંગ,અમદાવાદ.**

**(શ્રી બી. પી. મહીડા)**
**કોડ નં.-૦૧૧૨૨**
**૩૦ મા એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ (શહેર).**